Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૪૧ • તા.૦૫થી ૧૧ ઑક્ટોબર ૧૩ • વાર્ષિક લવાજમ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



# ભાવાંજલિ







## ચંપક રાયચંદ જીવાણી

### જખૌ – ડોંબીવલી

**જન્મ : ૧૫મી જુન ૧૯૫૫ • દેહાંત : ૩૦મી સપ્ટેબંર ૨૦૧૩**

સહતંત્રી : ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

ટ્રસ્ટી : શ્રી. સમસ્ત ક.દ.ઓ. મહાજન

સભ્ય : શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની વ્યવસ્થાપક સમિતિ

**ઉરનો સંદેશ :**

ઑ જાનેવાલે હો શકે તો લૌટ કે આના
એ (જ્ઞાન) ઘાટ.... એ (સમાજ જાગૃતિ કી) બાટ કહીં તુમ ભુલ ન જાના ....

**આત્મ સંદેશ :**

તમસો મા જ્યોર્તિગમય.... મૃત્યુ માં : અમૃતમ ગમય
ઊંડા અંધારેથી ગતિ હો પરમ પ્રકાશ તરફ
મૃત્યુ દ્વારેથી ગતિ હો અમૃત ધામ તરફ
ઓમ શાંતિ શાંતિ શાંતિ –

પ્રકાશ સમિક્ષા પરિવાર



# જન્મ દિનની
(૧૧મી ઓક્ટોબર)
# હાર્દિક શુભેચ્છાઓ.....!



સદીના મહાનાયક
**શ્રી. અમિતાભ બચ્ચન**

અનેક મુશ્કેલીઓ સામે દ્રઢતાથી ઝઝૂમનાર
મારી જીવનસંગીની પ્રભાને



કૌન બનેગા કરોડપતિ - ૨ ના
સેટ ઉપર
શ્રી અમિતાભ બચ્ચન સાથે
શ્રી. શામજી પદમશી છેડા તથા
શ્રીમતી. પ્રભા શામજી છેડા

શુભેચ્છક :
**શામજી પદમશી છેડા**
ગાંધીધામ (સુથરી)
કૌન બનેગા કરોડપતિમાં
પ્રવેશ મેળવનાર સર્વપ્રથમ
તેમજ એકમાત્ર જ્ઞાતિજન)

## પાસ થયા : હાર્દિક અભિનંદન

# દંડ તથા લાપસીયા પરિવારનું ગૌરવ







ગામ : સેવક - ભડ્ડિયા
(હાલ - મુલુંડ)

કુ. ઉન્નતિ મનોજ દંડ
*(M.com Acc & Fin.) First Class 62%*

કુ. સ્તુતિ મનોજ દંડ
*(T.Y.B.M.S.) First Class 67%*

તમોએ પાર પાડયું ઊંચું નિશાન, ખૂબ વધારી પરિવારની શાન
ઉપરોકત શૈક્ષણિક સિધ્ધિઓ પ્રાપ્ત કરવા બદલ બંનેને હાર્દિક અભિનંદન ....
તેમજ ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરો એવા અંતરના શુભાશિષ સહ શુભેચ્છાઓ....

**શુભેચ્છક**

દાદી-દાદા : માતુશ્રી તારાબેન કુંવરજી દંડ
નાની-નાના : માતુશ્રી ધનલક્ષ્મીબેન વિશનજી લાપસીયા
મમ્મી-પપ્પા : સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ
ફઈ-ફુવા : સૌ. મીતા હિતેશ લોડાયા • સૌ. જયશ્રી કમલેશ નાગડા
મામી-મામા : સૌ. અલ્પા રાજેશ લાપસીયા • સૌ. નીલમ હિરેન લાપસીયા
બહેન-ભાઈ : પલક, સૃષ્ટિ, યતિશ, સંયમ, માનસી, વંશિકા, ઈશિકા

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 41/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


*તંત્રી સમીપે....*

## સૌજન્ય અને સહાયભૂત થવાની સ્વભાવિકતાના પ્રતીક ચંપકભાઈની અચિંત્ય વિદાય ....

જ્ઞાતિના સમાજજીવનમાં છેલ્લા પાંત્રીસેક વર્ષથી અને તેમાં પણ, પ્રકાશ - સમીક્ષાનું સાપ્તાહિક ક્લેવર ઘડાયું અને જ્ઞાતિજનોમાં દર અઠવાડિયે પ્રતીક્ષા - ઈંતેજાર ની આદત બની જનાર આ છેલ્લા દસેક વર્ષમાં, અલ્પ કે અધિક પરિચિત - દરેકે દરેક જ્ઞાતિજનના સ્વજન બની ગયેલ ચંપકભાઇએ ગત સોમવાર ૩૦ સપ્ટેંબરના, આપણને સ્તબ્ધ અને શૂન્ય મનસ્ક કરી મૂકે તેવી અણધારી વિદાય લીધી તેનો કારમો આઘાતનો ઘા, પ્રકાશ - સમીક્ષા સહિત જ્ઞાતિની અનેક સંસ્થાઓના તેમના સહકર્મી - સાથીઓ અને પરિચીતોના હૃદયમાં વર્ષોસુધી ઊંડે ઊંડે નિશાની મૂકી જશે તે નિશ્ચિત છે.

કચ્છી નલીયા બાલાશ્રમમાં ૬૦-૭૦ ના દાયકામાં છાત્ર તરીકે રહ્યા તે દરમ્યાન જ ચંપકભાઈમાં જ્ઞાતિ પરત્વે સમર્પિતતાની ભાવનાનો ઉદય થયો.તે પછી મુંબઈમાં વિદ્યાર્થીગૃહમાં નવપરિચિત છાત્રોના સહવાસ અને હુબલીના ૧૯૭૯ના જ્ઞાતિ સંમેલનના બે એક વર્ષ પહેલાં વિદ્યાર્થીસંઘમાં પ્રવૃત થયા ત્યારે મુંબઈ હાયકોર્ટમાં અત્યારે સીનીયર કાઉન્સેલર તરીકે પ્રેક્ટીસ કરતા શૈલેષ સનત શાહે તેમની પ્રમુખ તરીકે અને ચંપકભાઈએ માનદમંત્રી તરીકે અને અનેક જ્ઞાતિ અગ્રણીઓનો સંપર્ક કરીને સતત અથક પ્રયત્નો કરીને વિદ્યાર્થીસંઘ માટે ઘાટકોપરમાં સ્વતંત્ર કાર્યાલય મેળવી શૈલેશભાઈને અપ્રિતમ સાથ આપ્યો, તે સમયગાળામાં સમાજસેવા માટેની તેમણે એક પ્રકારે ભેખ લીધો હતો. તેમ તેમણે કારકીર્દીનું પૂર્વનિરિક્ષણ કરતાં કહી શકાય તેમ છે.

આ નિર્ધાર પશ્ચાત ચંપકભાઈ મુંબઈ મહાજન, ડોંબીવલી મંડળ, પ્રકાશ - સમીક્ષા (બાલ-વિભાગ-શિશુ મહલ), ૧૯૯૧ માં યોજાયેલ દ્વિતીય જ્ઞાતિ સંમેલન, જ્ઞાતિદીપ (ડોંબીવલી), પ્રકાશ-સમીક્ષા (સાપ્તાહીક), સમસ્ત મહાજન, વસ્તીપત્રક સમિતિ, હોપ ૧૦૦૦ અને સોશીઅલ સીક્યુરીટી સ્કીમ એમ અનેકવીધ વ્યાપ ધરાવતી સંસ્થાઓની પ્રવૃત્તીમાં મહત્વનો હિસ્સો બનતા રહ્યા.

એમાં પણ છેલ્લાં ત્રણેક વર્ષથી સમસ્ત મહાજનને પુર્નપ્રવૃત કરવામાં અને સમગ્ર જ્ઞાતિમાં ખૂણે ખૂણે તેના ઉદ્દેશ્યો વિષેઅર્થપૂર્ણ પ્રસાર કરવામાં તેમની વધારે ને વધારે સમય માગતી સક્રિયતા અને નિષ્ઠા તેમની અન્ય સર્વ પ્રવૃતિઓમાં સવિશેષ બની ગયા. આજે સમસ્ત મહાજને, જ્ઞાતિજનો અને જ્ઞાતિકર્મીઓને નજીક લાવવાનું અગત્યનું ધ્યેય હાંસલ કર્યુ છે. તેમાં ચંપકભાઈનું અથાક યોગદાન પ્રથમ હરોળમાં મૂકી શકાય તેટલું મહત્વ ધરાવે છે તેપણ હકીકત છે.

પ્રકાશ - સમીક્ષા સાપ્તાહિકનાં છેલ્લા દશેક વર્ષમાં પાંચસો જેટલા અંકો માટે, ખાસ કરાને જ્ઞાતિ સંસ્થાઓની પ્રવૃત્તીઓમાં સમાચારોની મેટરોમાં સુધારા-વધારા કરીને વાચનક્ષમ બનાવવાથી માંડીને સઘળી મેટરો - લેખો - ચર્ચાપત્રોના ટાઈપ સેટીંગથી પ્રૂફ રીડીંગ, મુદ્રણ, સરનામના મેલીંગ સ્ટીકરોમાં ફેરફારની નોંધણી અને જી.પી.ઓમાં. પોસ્ટીંગ સુધીની પત્ર પ્રકાશનની સર્વ જવાબદારી તેમને નિષ્ઠાપુર્વક નિભાવી અને એ દરમ્યાન અનેકાનેક જ્ઞાતીજનો, જ્ઞાતિઅગ્રણીઓ, કાર્યકરો સાથે એમણે સૌજન્યતા અને વિનમ્રતાના તાંતણે પરિચય અને સ્નેહ સંબંધ કેળવ્યા, તેના જેવું વિરલ દ્રષ્ટાંત અન્ય કોઈ પણ જ્ઞાતિજનમાં મળે તેમ નથી તેમાં બે મત ન હોઈ શકે.

આમ ચંપકભાઈની વિદાયથી સમગ્ર જ્ઞાતીએ એક નિષ્ઠાવાન અદનો કાર્યકર ગુમાવ્યો છે, જેની ખોટ પુરી કરી શકે એટલું અને એવડું ગજું હાલના કોઈ પણ કાર્યકરમાં પ્રતીત થવું મુશ્કેલ બને છે, તે નિર્વિવાદ છે.

ચંપકભાઈને શ્રેષ્ઠ અંજલિ આપવી હોય તો આપણે સૌએ, જ્ઞાતિ સંસ્થાઓના અગ્રિમ કાર્યક્રમોમાં અન્યોન્યના સાથ સહકારથી જ્ઞાતિ ઐક્યની દિશામાં આગળ વધવાની ભાવનાનો પુનઃસંચાર થાય, તે માટે પ્રમાણિકપણે પ્રયત્નશીલ બનીએ, જેથી તેમણે જ્ઞાતિને સુગ્રથિતપણે એકસુત્રમાં બાંધવા અંગે સેવેલ સ્વપ્ન સાકાર થાય.

**- રા.**

## એક સનિષ્ઠ સેવકના દેહાંતે પૂછેલ પ્રશ્નઃ આપણને શું જોઈએ છે? એક કી લાઠી સબ કા બોજ પછીનો અપરાધભાવ કે સબકી લાઠી થોડોંકા બોજવાળો સહકારભાવ?

આમ તો દરેક મૃત્યુ અનેક સંબંધોને રાંક બનાવી ઘણાની જીવંતતા ઓછી કરે છે, પણ જ્યારે પોતાની ફીકર કર્યા વગર સૌનો બોજ લેનાર ચિરવિદાય લે છે, ત્યારે સંબધો માત્ર રાંક નથી બનતા તેમને માટે જીવન મરણનો સવાલ ઊભો થાય છે.

સહતંત્રી રૂપે પ્રકાશ સમીક્ષાને ધરી બનાવી અનેક જ્ઞાતિ સંસ્થાઓને પોતાના કૌશલ્યથી સમૃધ્ધ કરવાની ભાવના રાખવાવાળા ચંપક જીવાણીના અંતિમ સંસ્કાર વખતે એક સંનિષ્ઠ સેવક ખોયાના ભાવ સાથે મિત્રોમાં એક સહૃદયી મિત્રને માનવીય ક્ષમતાથી વધુ બોજ ઊંચકતો ન રોકી શકવા માટેનો અપરાધભાવ પણ છાનો ન રહ્યો. સૌજાણે છેકે સમસ્ત મહાજનશ્રી, વસ્તીપત્રક સમિતી, સોશ્યલ સિક્યુરીટી સ્કીમ, મુંબઈ મહાજનશ્રી જેવી સતત સક્રિય રહેલી સંસ્થાઓમાં પણ ચંપકભાઈ પોતાની સેવાઓ આપતા રહ્યા.

પ્રકાશ સમીક્ષાએ હમેશાં જ્ઞાતિનાં સમાજજીવનમાં ટીમવર્ક-સંઘભાવના ને પ્રબળ કરવા પર ભાર જ નથી મુક્યો એ વાતને આચરણમાં પણ મુકીને બતાવી છે. બહુ ઓછા જણ જાણતા હશે કે અન્ય જવાબદારીઓ સારી રીતે સંભાળી શકાય તે માટે ચંપકભાઈએ એકાદ વર્ષ પુર્વે પ્રકાશ-સમીક્ષાની પોતાની જવાબદારી ઓછી કરવા ચાહી તો તેમને એવી સુવિધા કરી આપવામાં આવી હતી. અલબત્ત, અન્ય સંસ્થાઓના વધતા બોજા સાથે શામ - દામ - દંડ-ભેદના નારા સાથે ઈજારાશાહી સ્થાપવાના કેટલાકના પ્રયત્નોને કારણે ચંપકભાઈ માટે વારંવાર ન કહેવાય ન સહેવાય એવી સ્થિતિ ઊભી થતી રહી અને પરિણામ જે આવ્યું તે નાત સામે છે.

અલબત્ત, મૃત્યુનો મલાજો જાળવવાનો હોઈ અને ચંપકભાઈએ ખુદ જ્યારે આ બાબત કોઈ ફરિયાદ નથી કરી ત્યારે આધારસ્થંભ જેવા એક સાથીને ગુમાવ્યાના રંજ સાથે એટલું કહેવાની જરૂર ફરજ ગણીશ કે આ વાત અહિંજ અટકે તો સારું.

જ્ઞાતિ પોતાના સમાજ જીવનને નવો ઘાટ આપી 'એક કી લાઠી સબકા બોજ'ની સ્થિતિ ક્યારેય ન સર્જાય તેનું ધ્યાન રાખી 'સબકી લાઠી થોડોંકા બોજ' વાળો સહકારભાવ કેળવે તો એ ચંપકભાઈને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે .

**- ચંદ્રસેન મોમાયા**

## ૠણ સ્વીકાર

અમારા પરિવારના મોભી અને પ્રકાશ સમીક્ષાના સહતંત્રી સ્વ. ચંપક રાયચંદ જીવાણીના અણધાર્યા દેહાંત વખતે તેમને તાત્કાલીક સારવાર મેળવી આપવા, તેમને ડોંબીવલી પહોંચાડવાની વ્યવસ્થા કરવા, અંતિમયાત્રામાં તથા ભાવયાત્રામાં સહભાગી થઈ તેમજ રૂબરૂ મળી, ફોન - એસ.એમ.એસ.થી સાંત્વના આપનાર સૌ. સ્વજનોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**માતુશ્રી કબીબાઈ રાયચંદ દામજી (જીવાણી) મુનવર સમસ્ત પરિવાર : દિપ્તિ, દર્શન, સ્નેહલ પથિક નાગડા**

**માતુશ્રી ચંદનબેન મણિલાલ શામજી પોલડીયા પરિવાર (ગોએરસમા - ઈગતપુરી)**

**'પ્રકાશ સમીક્ષા' પરિવાર**

**શોક સંદેશા આવતા અંકે**

ચંપક જીવાણી આખી નાતના જાણીતા - માનીતા હતા તેથી તેમના પરિવારને, પ્રકાશ સમીક્ષાને, શ્રધ્ધાંજલિ સભાના આયોજકોને ઘણા શોકસંદેશ મળ્યા છે. જેનું સંકલન આવતા અંકમાં વ્યવસ્થિત રીતે પ્રકાશ સમીક્ષામાં આવશે - તંત્રી

# માનવતાપુર્ણ જીવનના શ્રેષ્ઠ દ્રષ્ટાંત શ્રી ચંપક જીવાણી

માનવતાપૂર્ણ જીવન કેવું હોવું જોઇએ એ વિશે ચંપક જીવાણીએ માત્ર વાંચ્યું - વિચાર્યું નહીં પણ એ ફિલોસોફી જીવનમાં ઉતારી હતી.

ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ, ડોંબીવલીની વિવિધ પ્રવૃત્તિઓ, ક.દ.ઓ. મુંબઇ મહાજન તથા સમસ્ત ક.દ.ઓ. મહાજન સાથે સંકળાઈ પ્રકાશ સમીક્ષાને ધરી બનાવી આખા કચ્છી દશા ઓસવાલ સમાજને સ્પર્શનારા મૂળ ગામ જખૌના હાલે ડોંબીવલી વસતા ચંપક રાયચંદ જીવાણીનું જીવન માનવતાના આદર્શને મૂર્તિમંત કરાવવાની મથામણ કરનારું રહ્યું.

સમાજસેવાને વરેલા કુટુંબમાં જન્મ એટલે એ સંસ્કાર ગળથૂંથીમાં મળ્યા. પિતા રાયચંદ જીવાણીને શ્રી જેઠાભાઇ નાગડાએ લખેલા જ્ઞાતિ ઇતિહાસની નકલ ઉતારવામાં મદદ કરતા જ્ઞાતિ ઇતિહાસ વિશે સારી માહિતી આત્મસાત કરી, આ જ્ઞાતિ ગૌરવશાળી જ્ઞાતિની અસ્મિતા અકબંધ રહે એવા ભાવ તે વખતથી જ ઘૂંટાયા.

પ્રારંભિક ભણતર નલીયા બાલાશ્રમમાં રહીને લીધું, એટલે સ્વયં શિસ્ત અને સમૂહજીવનની ભાવના સહજભાવે વ્યક્તિત્વમાં વણાઇ ગઇ. તેજસ્વી વિદ્યાર્થી અને તેમાં પણ ભાષા રુચિ, ભાષા પ્રભુત્વ અને વકતૃત્વ કૌશલ્ય એ વખતથી જ લોકોનામાનીત કરી દીધા.

કિશોર કાળથી જ બાળકો માટેની કોલમ શિશુ મહેલ નિમિત્તે પ્રકાશ સમીક્ષા સાથે નાતો બંધાયો, જે જીવનભર સમૃધ્ધ થતો રહ્યો.

ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘમાં સક્રિય બન્યા અને વર્ષ ૧૯૭૮-૭૯માં તેનો ૨૫ વર્ષ પૂર્ણ થતા હોઇ રજત જયંતીની ઉજવણીની કાયમી યાદ રૂપે સંસ્થાનું ભેદાભવન ખાતેનું સ્વતંત્ર કાર્યાલય શરૂ કરાવવામાં માનદમંત્રી તરીકે પ્રમુખ શૈલેશ સનત શાહ સાથે મુખ્ય ભૂમિકા ભજવી.

જ્ઞાતિએ આ બન્ને જ્ઞાતિદાઝવાળા તે વખતના તરવરીયાઓને આવકાર્યા અને પોતાની નેતૃત્વ શક્તિથી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇની પ્રવૃત્તિઓને સમૃધ્ધ કરવા પ્રેર્યા.જેનું પરિણામ એટલે શૈલેષભાઇએ મૂકેલ અને ચંપકભાઇ એટેકો આપેલ સમૂહ લગ્નનો ઠરાવ ભારે ઉમળકાભેર જ્ઞાતિએ વધાવ્યો.

ફલ સ્વરૂપ જેના તા ૧ મે ૧૯૮૧નાં યોજાયેલા. જ્ઞાતિના પ્રથમ સમૂહ લગ્નમાં ૧૭ દંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા.

ઇ. સ. ૧૯૭૭ થી ડોંબીવલીમાં વસતા જ્ઞાતિજનો સંગઠિત થવા માંડ્યા હતા. આ સંગઠનના મંત્રી થઇને ચંપકભાઈએ તેનો, પાયો વિશાળ બનાવ્યો. ડોંબીવલીવાસીઓને સંગઠિત અવાજ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ સુધી પહોંચાડવાને ચંપકભાઇએ પોતાનું પ્રથમ કર્તવ્ય માન્યું. સાથે સાથે ડોંબીવલીના જ્ઞાતિજનોમાં આપસી સહકાર કેળવવા તથા સમૂહભાવના સુદઢ કરવા શરૂ કરવામાં આપેલા, જ્ઞાતિદીપનાં પ્રથમ તંત્રી થઇ ડોંબીવલીવાસીઓનું આમ ગૌરવ વધાર્યું. ડોંબીવલીમાં રહેવા આવતા નવા જ્ઞાતીજનોને અહીં અગાઉ વસ્તા જ્ઞાતિજનોનો સહકાર મળે તે માટે ચંપકભાઇએ સંપર્ક સેવાનો વિચાર રજૂ કર્યો, જે મિત્રોએ અમલમાં મૂકી ઘણાની મૂંજવણ ઓછી કરી. ડોંબીવલી અચલગચ્છ સંઘની સ્થાપનાથી તેને ટોચ પર લઈ જવામાં રચનાત્મક ફાળો આપ્યો.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇના સક્રિય કાર્યકર્તા તરીકે મહાજનના મુખપત્ર 'જ્ઞાતિ શિરોમણી'ને પણ પોતાની કસાયેલી કલમનો લાભ આપ્યો.

ડોંબીવલીમાંથી વધુને વધુ જ્ઞાતિજનો ત્યાંના અવાજને બુલંદ કરવા મહાજનમાં સક્રિય થયા તે પછી ચંપકભાઈએ પોતાનું ધ્યાન રચનાત્મક કાર્યો તરફ તથા જ્ઞાતિહિત માટે સક્રિય સૌ કોઈને સાથ-સહયોગ આપવા પર કેન્દ્રિત કર્યું.

ચંપકભાઈએ પોતાના જીવનસાથી દીપ્તિબેન, પુત્ર દર્શન અને પુત્રી સ્નેહલને સમાજ જીવનનું ઋણ ચુકવવાનો મહત્વ સમજાવી તેમનો દરેક કામમાં સહકાર મેળવી લીધો, આવા સેવાભાવી પરિવાર જ્વલ્લે જ જોવા મળે.

વર્ષ ૨૦૦૩માં પ્રકાશ સમીક્ષા સાપ્તાહિક બનાવવાનો નિર્ણય લેવા. તેના કો-ઓર્ડિનેટર અને સહ તંત્રી તરીકે આ નિર્ણયને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં તેમણે સિંહફાળો આપ્યો.

વર્ષ ૨૦૧૦ થી જ્ઞાતિમાં સમાજજીવનને નવું સમયોચિત રૂપ આપવાના પ્રયત્ન શરૂ થયા તેમાં નોંધપાત્ર ફાળો આપવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇની વ્યવસ્થાપક સમિતિ અનેક.દ.ઓ. જ્ઞાતિ સમસ્ત મહાજનમાં સક્રિય થયા. બને સંસ્થાઓમાં જ્ઞાતિ પરંપરા શું છે અને કેવી હોવી જોઇએ એ વિશેના વિચારો વિનમ્ર પણે રજૂ કરતા રહ્યા.

દેહાંતના દોઢ કલાક પહેલાં રાબેતા મુજબ પ્રકાશ સમીક્ષાના નવા અંકની તૈયારી શરૂ કરી. પરિચિતની પ્રાર્થના સભામાં હાજરી આપવા ગયા જ્યાં હ્દય રોગના તીવ્ર હુમલાથી આત્મદેહે અનંત યાત્રાએ ગમન કર્યું.

## વનિતા વિશ્વ: વાળની સંભાળ વિશે જાણવું ગમશે... - ગીતા જૈન

બેનો, મોટે ભાગે આપણે વાળની અનેક વિધ સમસ્યાઓથી પીડાતા હોઈએ છીએ. જાતજાતના અખતરા કર્યે રાખીએ છીએ. અમુક ઉંમર પછી એ સમસ્યાઓ સાથે આપણે એટલા ઓતપ્રોત થઈ જઈએ છીએ કે એવાત ભુલાઈ જાય છે.

બસ, એમ જ મારી સાથે થયું... પણ, મારા આંતરમનમાં ક્યાંક ગડમથલ ચાલુજ હશે. તે એનો પડઘો પડ્યો મારા બંધુ કચ્છ-રાયણના વિજયભાઈ અને કુસુમભાભીના મનમાં. એમણે મને એલોવેરાની ઘણી પ્રોડકટસ્ ગીફ્ટ કરી. એમાં કોમલ હર્બ કેર એલો હબ કોમ્પ્લેકસની એમાં બોટલ્સ પણ હતી. વિશેષ ધ્યાન આપ્યા વગર તેનો કર્વાચિત ઉપયોગ કરતી. નિરંતર પ્રવાસીને આવી બધી સગવડો ક્યારેક અગવડ બની જાય ને! પણ હમણાં ૨ થી ૧૩ સપ્ટે. ૧૩ દરમ્યાન હું કચ્છ - બાડામાં વિપશ્યના શિબિર હેતુ જોડાઈ હતી. સત્તત ૯ દિવસ ઉપરોક્ત એલોવેરા હેર કેરનો ઉપયોગ કર્યો, મારા આશ્ચર્ય વચ્ચે ત્રણ દિવસ પછી દાંતિયામાં એક પણ વાળ આવતો નહીં, અને સવારે ઉઠતા તકિયા પર પણ કોઈ વાળ નહીં. નવ દિવસ પછી તો વાળ ધોયા પછી બાથરૂમની જાળી પર એક પણ વાળ નહીં! અત્યાર સુધીતો હમેંશા ઊંચકીને ફેંકવા પડતા હતા. ને વાળની ચમક અને સુંવાળશની તો.. વાત જ ન પૂછો ..!

જેમને પણ વાળ સંબધી સમસ્યા હોય તેઓ જરૂર આ પ્રોડકટ્નો ઉપયોગ કરીશકે છે. Neo Harbalsની આ પ્રોડક્ટ માટે **સંપર્ક ૦૨૫૦ - ૩૨૪૬૦૦૦**


**અર્હમ્ ટૂર્સ** દ્વારા આયોજીત

**શ્રી શીખરજી પંચતીર્થી,**
**ચંપાપુરી બનારસ સાથે કલકત્તા**

**યાત્રા દિવસ ૧૩ રૂા. ૮૧૦૦/- (કેટરર્સ સાથે)**

**શુભ પ્રસ્થાન : ૨૦-૧૨-૨૦૧૩**
**શુભ આગમન : ૦૧-૦૧-૨૦૧૪**
**ભદ્રેશ છેડા : મો. ૯૯૨૦૮૯૦૯૪૧**
**અલ્પા છેડા : મો. ૯૩૨૩૦૫૩૪૫૬**


## શ્રી ક.દ.ઓ. ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર
## લેડીસ વિંગનો સમાજોપયોગી કાર્યક્રમ : ગેરેજ સેલ

જી.વી.સી. સંઘ લેડીસ વીંગ દ્વારા એક સેલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપને મળેલ ભેટ - સોગાદ - લાણી યા કોઈ પ્રસંગે મળેલ વસ્તુઓ કે જેનો આપ કોઈ ઉપયોગ ન કર્યો કે તેની જરૂરત ન હોય તેવી વસ્તુઓ, કપડા, પડદા, બેડશીટ, વાસણ, રમકડા, ક્રોકરી, બેગ, થેલા, વગેરે અમને આપી શકો છો, જેના વેચાણમાંથી ઉપજેલ રકમ સમાજસેવાના કાર્યમાં વપરાશે.

**વેચાણનું આયોજન :**
**તા. ૨૧ - ૨૨ ઓક્ટોબર ૨૦૧૩ સોમવાર, મંગળવાર સમય : ૧૦ થી ૭**
**સ્થળ : સંકલ્પ સેવા સંઘ, વિદ્યાભવન રોડ,**
**ડો. કેશવરામ બલીરામ મહાનગર પાલીકા ઉદ્યાન સામે, બે. નાથ પૈ નગર, ઘાટકોપર (ઈસ્ટ)**

**વધુ વિગત માટે સંપર્ક :**

| | |
|---|---|
| મીનાક્ષી અજાણી - ૯૮૬૭૮૮૭૯૭૦ | લીના લોડાયા - ૯૭૬૯૪૧૧૦૧૦ |
| હંસાબેન શાહ - ૯૯૮૧૯૮૧૩૮૧ | શોભા લોડાયા - ૯૩૨૨૦૮૮૨૩૯ |
| અરૂણા લોડાયા - ૯૮૨૧૨૩૪૦૩૩ | ચાંદની ખોના - ૯૧૬૭૭૧૦૬૪૬ |
| લત્તા કુરવા - ૯૩૨૪૦૨૮૯૩૨ | કલ્પના મૈશેરી - ૯૭૭૩૨૦૦૪૮૬ |
| અલ્પા લાલકા - ૯૯૩૦૮૩૦૦૩૧ | રાજશ્રી શાહ - ૯૯૮૭૬૯૩૩૩૪ |

દીના વિકમશી - ૯૮૨૦૦૮૨૯૪૯

★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE

**મહાવીર (માટુંગા સે.રે.)**

મહાવીર બિલ્ડીંગ કંમ્પાઉંડ, ભંડારકર રોડ, માંટુંગા (સે.રે)

**દશેરા – દિવાળી સેલ ધમાકા**

શનિવાર તા. ૫-૧૦-૨૦૧૩ થી રવીવાર તા. ૩-૧૧-૧૩

મહાવીરંસ એમ્બ્રોડરી 24025070 / Mob. : 8652239537

સેલ ૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ

- પારસી હેન્ડવર્ક, મશીનવર્કમાં સાડી અને કુર્તી
- ટેસ્ટેડ જરીની સાડી, ચાણિયા ચોળી
- બટ કસબની સાડી તથા બોર્ડર
- ઘરચોળા, બાંધણી માટે કટવર્ક, કસબ, ગોટા તથા ફેન્સીબોર્ડર
- ઢાકાઈ, પારસી, ફ્રેન્ચ નોટ, કાશ્મીરી, લખનવી, કચ્છી ભરત, દેશી ભરત, શેડો વર્ક, તાર વર્ક,
- પીફા વર્ક જેવી અનેક વેરાયટી તૈયાર તેમજ ઓર્ડરથી બનાવી આપીશું.
- તમારી બાંધણી ઉપર હૈદ્રાબાદી મીરર વર્ક, બાદલા વર્ક, નાકા ટીકી, તાર વર્ક, પીફા વર્ક કરી આપીશું.
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરી મજુરી ઉપર ૨૦ડ ડીસ્કાઉન્ટ.
- પ્લેઈન તથા ડાયેબલ સાડીમાં અનેક વેરાયટી

સેમ્પલની સાડીઓમાં ૪૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ

જુની સાચી જરીની સાડી, ચણિયાચોળી, ઘરચોળા, બોર્ડર-સેલા સારા ભાવે વેચાતા લઈશું.

દિવાળી સુધી બધા દિવસો દુકાન ખુલ્લી રહેશે.

## ઉર્મીલાબેન લાલકાને આદર્શ શિક્ષીકા એવોર્ડ



મુંબઈ મહાનગર પાલિકા સંચાલિત શળાઓના શિક્ષકોને શિક્ષક દિને મહાપૌર દ્વારા દરવર્ષે આદર્શ શિક્ષકનો અપાતો પુરસ્કાર આવર્ષે ૨૦૧૨-૧૩ માટે શ્રેષ્ઠ આદર્શ શિક્ષક નો મહાપૌર પુરસ્કાર મુલુંડ (પુર્વ)ની જી.વ્હી. સ્કીમ મ.ન.પા. ગુજરાતી શાળાના શિક્ષીકા ઉર્મીલા પાસુભાઈ લાલકા બી.એ.બી.એડ. (મોટી ખાવડી - .ડોંબીવલી) ને મેયર સુનીલ પ્રભુના હસ્તે પાચમી સપ્ટેબંર શિક્ષક દીને અપાયો છે.

તેઓ છેલ્લાં ૨૨ વર્ષથી વિવિધ સમાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સંસ્થાઓમા પ્રવૃત છે. તેમણે ૨૦૦૫ માં કીરીટ સોમૈયા તરફથી દ્રોણાચાર્ય પુરસ્કાર, ૨૦૦૬માં લાયન્સ ક્લબ ઑફ મુલુંડ તરફથી પુરસ્કાર, ૨૦૦૭માં ઈનર વ્હીલ સંસ્થા તરફથી પુરસ્કાર, ૨૦૦૮માં રોટરી ક્લબ ઑફ મુંબઈ તરફથી આદર્શ શિક્ષીકા પુરસ્કાર મળેલ છે.

આ વર્ષે મળેલ મેયર અવૉર્ડમાં શ્રેષ્ઠ શિક્ષીકાનું પ્રશસ્તી પત્ર અને ગોલ્ડ મેડલ દ્વારા સન્માન કરાયેલ આ અવાર્ડ માટે ૪૦૦૦ શિક્ષકોમાંથી તેમની પસંદ થઈ છે. હાલમાં તેઓ સર્વ શિક્ષણ અભિયાનમાં સમન્વયક તરીકે સેવા બજાવે છે. આ જ્વલંત સિધ્ધિથી તેમનું, પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધ્યું છે. આ સિધ્ધિબદલ હાર્દિક અભિનંદન. યશસ્વી ભાવિની શુભેચ્છાઓ

કાચા કપાસની ખરીદી માટે અનુભવી માણસની જરૂરત છે
વિગત સાથે નીચેના સરનામા પર સંપર્ક કરો :
વિતરાગ ટ્રેડિંગ કંપની
બી/૩૯, કોટન એકસચેંજ બિલ્ડીંગ, કોટનગ્રીન, મુંબઈ - ૩૩.
મો. ૯૨૨૩૪૫૫૫૦૦ / ૯૮૨૦૪૪૪૭૯૯

**અનુભવી પૂજારી માટે નોકરી ખાલી છે**
તેરા (કચ્છ) સ્થિત જૈન દેરાસર માટે અનુભવી પૂજારી. (સજોડે હશો તો બહેનને પણ કામ આપવામાં આવશે.) રહેવાની વ્યવસ્થા સાથે, સારો પગાર લાયકાત મુજબ.
સંપર્ક : જીરાવલા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરા (કચ્છ) ફોન : ૦૨૮૩૧ - ૨૮૯૨૨૩ / ૨૮૯૨૨૪



!! શ્રી આદિનાથાય નમો નમઃ !!

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - સાંયરા

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોન : ૦૨૮૩૧-૨૮૩૧૮

## પર્યુષણ પર્વની ઉજવણી...સુકૃતની અનુમોદના.... ઋણ સ્વીકાર... આભાર...

સાંયરા નગરે શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપાએ આ.ભ. ના આશિર્વાદ સાથે, પ.પૂ.વંદનીય સા. શ્રી કોમલગિરાશ્રીજી મ.સા. તથા બાલ સાધ્વી શ્રી સિધ્ધગિરાશ્રીજી મ.સા. ની નિશ્રામાં પર્યુષણ પર્વની ઉજવણી ખૂબજ ધર્મમય અને ઉલ્હાસપૂર્ણ રીતે ઉજવાઈ તપ-જપ-ભક્તિના તોરણ બંધાયા. તપસ્યામાં ૮ ઉપવાસ-૨, આયંબિલ ૩, એકાસણાંના ૧૪ તપસ્વી, તેમજ વિવિધ નાની મોટી તપસ્યાઓની હારમાળા રચાઈ સાથે પોષધ ધારી બહેનો એ પણ રંગ રાખ્યો.

પર્યુષણના આઠ દિવસ દરરોજ પ્રભાતે ગહુંલી, ભક્તામર સ્ત્રોત્ર, વ્યાખ્યાન, વિવિધ પૂજન, સમુહ પ્રતિક્રમણ, પ્રભુજીની આંગી, રાત્રે ભાવના ને સંગીત ના સૂરો સાથે મહારાજા કુમારપાળની મંગલ આરતી, મંગલ દિવો, ભક્તિમય વાતાવરણમાં શાનદાર ઉજવણી ધામધૂમપૂર્વક થઈ હતી. ભક્તામર સ્ત્રોત્રના પઠન બાદ લક્કી ડ્રોના વિજેતાઓ માટે વિવિધ ઈનામોની હારમાળા રચાઈ હતી.

<u>તા. ૨-૯-૨૦૧૩</u> ના પ્રથમ દિવસે તિર્થંકર શ્રી વિમલનાથ પ્રભુનું વાસક્ષેપ સાથે, મંત્રોચાર અને સંગીતના સૂરો સાથે પૂજન પૂર્ણ થયું હતું.

<u>તા. ૩-૯-૨૦૧૩</u> કલ્યાણકારી ૧૦૮ તિર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુનું શુધ્ધ મંત્રોચાર, વિવિધ પ્રકારના ફુલ, ફળ, નૈવેધ આદિ સાથે અષ્ટ પ્રકારી પૂજન ભક્તિમય સંગીતના રસ લહાણ સાથે આનંદપૂર્વક થયુ હતું.

<u>તા. ૪-૯-૨૦૧૩</u> શ્રી કલ્પસુત્ર/પોથી વાજતે ગાજતે શ્રી સંઘ સાથે માતુશ્રી ગોરબાઈ શામજી મોમાયા ના ઘરે પધરામણી થઈ હતી. રાત્રે સંગીતના સુરો સાથે દાંડિયાની રમઝટ થઈ હતી.

<u>તા. ૫-૯-૨૦૧૩</u> સવારના ૯.૦૦ કલાકે શ્રી હીરાચંદ શામજી મોમાયાના ઘરેથી રથ, ઘોડા, બળદગાડી, ધર્મની ધજા, દાંડિયા રાસ, ગરબારાસ, પખવાજ મંડળી સાથે ધામધૂમ પૂર્વક રથયાત્રા ૧૨૦ થી અધિક ભાવિક જનોની સંખ્યાની હાજરીમાં આખા ગામની પ્રદક્ષિણા કરી શ્રી કલ્પસૂત્રની દેરાસરમાં પધરામણી થઈ હતી. પ.પૂ.સા. કોમલગિરાશ્રીજી મ.સા. ને કલ્પસૂત્ર વહોરવાનો લાભ શ્રીમતી ગુણવંતી હીરાચંદ લોડાયા હસ્તે : શ્રી હીરાચંદભાઈ લોડાયા પરિવારે લીધો હતો. તે સાથે પાંચ જ્ઞાન પુજનનો દાતાશ્રીઓએ લાભ લીધો હતો.

<u>તા. ૬-૯-૨૦૧૩</u> બપોરના ૩.૦૦ કલાકે મોક્ષની બારીનો લાભ ૧૨૦૧ મણ માતુશ્રી ગોરબાઈ શામજી મોમાયા, મોક્ષની બારીમાંથી ૧૪ સ્વપ્ન ઝુલાવવાનો લાભ ૨૯૨૯ મણ માતુશ્રી વાલબાઈ દામજી પ્રોબ પરિવારે લાભ લીધો. ૧૪ સ્વપ્નમાં શ્રી મહાલક્ષ્મીને ઝુલાવવાનો લાભ ૧૯૦૦૧ મણ માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર, શ્રી મહાલક્ષ્મીજી ને પાટ ઉપર પધરાવાનો લાભ ૨૦૦૦૧ મણ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારે, વહાણને ઝુલાવવાનો લાભ ૧૪૦૦૧ મણ માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી લોડાયા પરિવાર, વહાણને પાટ ઉપર પધરાવવાનો લાભ ૧૪૫૦૧ મણ માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા, ભાગ્યશાળી પરિવારે લાભ લીધો હતો. આ પર્યુષણમાં ૧૪ સ્વપ્નનો ટોટલ ધૃત ૧,૨૬,૮૦૦ મણ થયું હતું. પ્રભુજીનું પારણું ઝુલાવવાનો લાભ ૪૧૪૧ મણ શ્રી કિરણ લધુભાઈ અરજણ લોડાયા. પ્રભુજીનું પારણું ઘરે પધરાવવાનો લાભ ૫૦૦૧ મણ માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી લોડાયા ભાગ્યશાળી પરિવારે લાભ લીધો હતો.

<u>૭-૯-૨૦૧૩</u> પૂ.શ્રી વ્યાખ્યાન બાદ બપોરના "ધાર્મિક હાઉઝી" અને " ખૂલ જા સીમ સીમ" વિવિધ રમત ગમતમાં ધાર્મિક જ્ઞાન સાથે સૌ ઉમંગભેર ભાગ લીધો હતો. ઈનામની લહાણીની વણઝર થઈ હતી. રાત્રે પ્રભુની ભાવના બાદ ૯ વાગે અચલગચ્છાધિષ્ઠાયીકા મહાકાલી માતાજીની ભક્તિ ભાવના ઉમળકાભેર વરાડિયાના સંઘના ગાયક કલાકારના સંગાથે ગીત, સંગીત ને દાંડિયાના રાસ ની રમઝટ સાથે ભાવના ગીતમાં બધાને ભક્તિ રસમાં તરબોળ કરી દીધા હતા. મહાકાળી ભાવના ના લાભાર્થી શ્રીમતી લીલાવંતી પ્રવિણ ખીમજી શિયાળ-જખૌ પરિવારે લાભ લીધો હતો.

<u>૮-૯-૨૦૧૩</u> બપોરના પૂ. શ્રી ના વ્યાખ્યાન બાદ તપસ્વી બહુમાન કાર્યક્રમમાં તપસ્વીઓને તિલક કરવાનો લાભ શ્રીમતી નિર્મલાબેન વીરચંદ પદમશી લોડાયા અને તપસ્વીઓને શ્રી ફળ અને હાર પહેરાવવાનો લાભ શ્રી તિલક દેવશી ડાઘા-માંડવીએ લીધો હતો. સાંયરા સંઘની દેખરેખ હેઠળ તપસ્વી બહુમાન કાર્યક્રમ સંપન્ન થયો હતો.

<u>તા. ૯-૯-૨૦૧૩ :</u> પૂજ્યશ્રીને બારસા સૂત્ર વહોરાવવાનો લાભ શ્રી યુવરાજ ચંદ્રકાંત ખોના - વડોદરાએ લીધો હતો તથા પાંચ જ્ઞાન પુજાના વિવિધ દાતાશ્રીઓએ લાભ લીધો હતો. સાંજના સામુહિક પ્રતિક્રમણ ૧૦૧ થી અધિક સંખ્યામાં ધર્માનુરાગી ભાઈ-બહેનોને રૂા. ૧૦૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી. રાત્રે મહારાજા કુમારપાળની આરતી ઝગમગતા ૧૦૮ દિવા સાથે કરવામાં આવી હતી. ઉપાશ્રયમાં નિયાણી બહેનોએ વિવિધ કલરની ધાર્મિક રંગોળી બનાવી ચાર ચાંદ લગાવી દીધા.

પ્રભુજીની આખા વર્ષની અષ્ટ પ્રકાર પુજાના વાર્ષિક નકરાના ચડાવવાના લાભ લેનારા ભાગ્યશાળી પરિવારના નામ છે,

**૧) વાસક્ષેપ પુજન** : માતૃશ્રી સોનબાઈ દેવશી વરસંગ મોમાયા
**૨) પ્રક્ષાલ નમણ** : માતૃશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા
**૩) ચંદન-કેશર** : માતૃશ્રી સુશીલાબેન રતનશી શીવજી સોની
**૪) ફુલ પુજા** : સ્વ. રાજુલબેન ગુલાબભાઈ-થાણા હસ્તે : રાહુલ વીરચંદ લોડાયા
**૫) ધૂપ-અગરબત્તી** : માતૃશ્રી ગુણવંતી હીરાચંદ ચત્રભુજ લોડાયા હસ્તે : વૈશાલી અને રચના
**૬) અંગ લુછણા** : માતૃશ્રી પ્રભાબેન નારાણજી શીવજી સોની
**૭) ગરમ પાણી** : માતૃશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા હસ્તે : શ્રીમતી નિર્મલાબેન વિરચંદ લોડાયા
**૮) અખંડ દિપક** : માતૃશ્રી ગોરબાઈ શામજી નાગશી મોમાયા

**તા. ૧૦-૯-૨૦૧૩ :** છઠ્ઠના સવારના રંગમંડપના ધ્વારઉદ્‌ઘાટનના લાભાર્થી માતૃશ્રી મુરબાઈ માણેકજી મોતા ધ્રુફી અને મૂળનાયક ગંભારાના ધ્વારઉદ્‌ઘાટનના લાભાર્થી માતૃશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા પરિવારે લાભ લીધો હતો. સવારના તપસ્વીના પારણાં શ્રી સાંયરા સંઘ તરફથી કરવામાં આવેલ. પ.પૂ.સા. કોમલગિરાશ્રી મ.સા. અને બાલસાધ્વી શ્રી સિધ્ધગિરાશ્રી મ.સા. ની ક્ષમાપના સકળ સાંયરા સંઘ તરફથી કરવામાં આવેલ. દર વર્ષની જેમ જ્ઞાતિ શિરોમણી શ્રી નરશી નાથાની છબીને હાર રોપણ રૂા. ૧૫૦૦૧ માં કુમારી જિંગલ ભદ્રેશ મુલજી પટેલ લાભ લીધો હતો. સંઘમાતા માતૃશ્રી સોનબાઈ મુલજી પટેલે ચાર્તુમાસ દરમ્યાન વિવિધ ધાર્મિક જવાબદારી ઉપરાંત દરેક કાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ સાંયરા સંઘના ધાર્મિક કાર્યને દિપાવ્યું હતું એમના સુકૃત્યોની અનુમોદના કરવા શ્રીફળ, સાલ ને હાર પહેરાવી શ્રીમતી ખમાવંતી ખોના અને શ્રીમતી હીના ધ્રોળે સાંયરા સંઘ વતી બહુમાન કર્યું હતું.

શ્રી સોમચંદ લોડાયા, શ્રી નરેન્દ્ર લોડાયા, શ્રી હરીશ ધ્રોળ, કુ. વંદના લોડાયા એ સ્વયંસેવક બની સેવા અર્પણ કરી સંઘનું કાર્ય દિપાવ્યું હતું. સાંયરા સંઘ તરફથી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

સાંજના "કંઠસ્થ પ્રતિક્રમણ" હરિફાઈમાં ભાગ લેનાર શ્રીમતી લીલમ ગૌરવ લોડાયા, શ્રીમતી કરૂણા હરીશ ધ્રોળ, કુ. જાસ્મીન મણીલાલ લોડાયા અને કુ. શોભના ભરત મોમાયાને માતૃશ્રી ગુણવંતી હીરાચંદ લોડાયા હસ્તે : વૈશાલી અને રચના તરફથી ઈનામ આપવામાં આવેલ.

ત્યાર બાદ પારણાંનો વરઘોડા ઢોલના તાલે, વાજતે ગાજતે, ઘોડા, રથ, બળદગાડી, દાંડીયારાસની રમઝટ, ચામર નૃત્ય, ગરબા રાસ, પખાવાજ મંડળી સાથે આખા ગામની પ્રદક્ષીણા કરી માતૃશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયાના ઘરે પ્રભુજીનું પારણું પધરાવવામાં આવ્યું હતું. પારણામાં રાત્રી જાગરણમાં સંગીતના સથવારે દાંડીયારાસની ખૂબજ રૂડી રમઝટ થઈ હતી.

વ્યાખ્યાન બાદ રોજ ભક્તામર સ્ત્રોત્રનું પઠન કરનારાઓની ૮ દાતાશ્રી પરિવાર તરફથી લક્કી ડ્રો થી વિવિધ ઈનામ આપવામાં આવેલ. પર્યુષણ પર્વના ૮ દિવસ રોજ ૧૨ દાતાશ્રી પરિવાર તરફથી પ્રભાવના કરવામાં આવી હતી. તે ઉપરાંત અન્ય દાતા માતૃશ્રી મણીબાઈ રતિલાલ મોમાયા, શ્રીમતી જયશ્રી ભરત મોતા, માતૃશ્રી ધનબાઈ દામજી લોડાયા તરફથી પણ પ્રભાવના કરવામાં આવી હતી.

દરરોજ તપસ્વીઓને શ્રી દામજી નરશી મોટરવાલા - જામનગર તરફથી રૂા. ૧૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી.

પર્વાધિરાજ પર્યુષણ પર્વના તા. ૨-૯-૧૩ થી તા. ૧૦-૯-૧૩ના નવ દિવસના સાધર્મિક ભક્તિના ભાગ્યશાળી દાતા શેઠશ્રી શા. રતનશી કુંવરજી લોડાયા હસ્તે : માતૃશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાનો ખૂબ ખૂબ આભાર.

પર્યુષણ પૂર્ણ થયા બાદ બહારગામથી આવેલ મહેમાનનું સંઘપૂજન તથા બહુમાન કરવાનો લાભ માતૃશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવારે લાભ લીધો હતો. શ્રી હિરાચંદભાઈ ધ્રોળના જન્મ ઉજવણી નિમિત્તે ચડાવવાનો લાભ લીધો હતો.

**તા. ૧૪-૯-૧૩ના** સાંયરા સંઘ માતૃશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા દાતાશ્રીના સૌજન્યથી ચૈત્યપરિપાટી સુથરી, સાંધણ, માપર, બાડા, ડુમરા, સાંધવ, કોઠારા તિર્થના દર્શન વંદનનો લાભ લીધો હતો.

**તા. ૧૮-૯-૧૩ના** માતૃશ્રી સરલાબેન રતિલાલ લોડાયા - કોઈમ્બતુર દાતાશ્રીના સૌજનય થી ચૈત્યપરિપાટી - યાત્રા પ્રવાસ જખૌ, તેરા, પાલીતાણામાં તપસ્વીરત્ન પ. પૂ. આ. ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના જન્મદિવસ પ્રસંગે સાંયરા સંઘ વાજતે ગાજતે ગુરૂ વંદનનો લાભ લીધો હતો.

પર્યુષણ બાદ કોટડી, નરેડી, સુથરી, સાંધવ, તેરા, બાંઢિયા, નલિયા, જખૌ, રાપર ગઢવારી, પરજાઉ, બારસી, કોઠારા વરાડીયા વિગેરે વિવિધ ગામના મહાજન, સંઘ સાંયરામાં ગુરૂ વંદન માટે અમારે આંગણે આવી અતિથી સત્કારનો લહાવો આપવા બદલ સાંયરા સંઘ આભારી છે. સાંયરા સંઘ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

શિશુ સંસ્કાર ધાર્મિક શિબિરના ભાગ્યશાળી દાતા બનવાનો અમુલ્ય લાભ લેવા આપના નામ નોંધાવવા વિનંતી છે. આ શિબિરમાં ડાયમંડ દાતા રૂા. ૫૦૦૦/-, ગોલ્ડન દાતા રૂા. ૩૦૦૦/-, સિલ્વર દાતા રૂા. ૨૦૦૦/- ના ભાગ્યશાળી દાતા બનવાનો લાભ લેવાનું ચુકતા નહીં. દાતાશ્રીઓના નામના બેનર લગાડવામાં આવશે.

**સાંયરા સંઘ અને સાંયરા ચાર્તુમાસ કમિટિના મિચ્છામી દુ:ક્કડમ...**

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon - MH. 424101.

### INTERESTING ANECDOTES

This tale is from the Holy Ramayana. After Ravana had taken away Sita and confined her in Ashoka vatika in his empire Lanka, Rama was extremely sorrowful. The two brothers searched for her and after sufficient exertion came to Kaskhinda on the banks of Pampa river. Through Sugriv, they got full information about the place where Sita had been lodged. Now as we know, through the efforts of Nal and Neel a bridge was prepared at the locale of modern Rameshwaram. It was decided to enter lanka by means of this bridge. Prior to doing that Rama wished to pray to his Ishta Dev Shiva. Since even the Gods offered prayers to the almighty before venturing on an important project, it is proper for all of us to pray for success before doing any task. Rama asked hanuman to fly to mount Meru and bring a shiv Linga for worship. Hanuman flew away and was probably finding some difficulty in finding the required idol. Having waited for a long time, Rama decided to prepare a Shiv Linga with sand that was a plenty on the sea shore Worship was done and prayers were about to the offered to this Shiv Linga when lo and behold Hanuman appeared on the scene with a collection of Shiv Lingas. Here my lord, choose the best from these" he, pleaded.

Rama smiled and said, you took so much time, my dear. Look I have already managed to erect a Shiv Linga but I have brought better ones. My Shivlinga must be worshipped : said Hanuman in rage. DEAR CHILD, replied Rama, if you insist, you can remove my idol and replace it with yours. But I am warning you it will not be easy." oh! Never mind, i'll do that in a trice", replied Hanuman with pride. "I have strength enough to lift a chariot. This Is a mere idol. He fell to the task. He strove and exerted hard and long. He was soaked in sweat. His tail got lose and his limbs gave intense pain. Still the idol made by Rama could not be lifted, Hanuman lay in prostrate before Rama. His pride was shattered.

***Conclusion :*** **Pride makes on lick lust.**

### PROVERBS ARE LAMPS TO LIFE

He is happiest, be it the king or the peasant, who finds peace in his home.

Self help is the best help.

God made time but man made haste.

### AMAZING FACTS

Silicosis is a deadly disease caused by stone dust inhaled by workers at marble slab quarries. It causes chest pain, sleepless nights, vomiting of blood etc...

Americans consume more coffee than any other people in the whole world.

Tea was discovered by a Chinese emperor in 277 B.C. when some tea leaves accidentally fell into a pot of boiling water.

### AMAZING FIGURES

The convenience store, Kombini for short is a japanese retail store for the convenience of the customers of Japan. Beside food items Kombini also deals with goods used in everyday life. You can get all these items day in or night, all around the clock. On an average, 32 million people make use of Kombini everyday. There are about 50,000 such stores in the country.

There is enough water in the earth & seas to fill a tube 75 miles wide and 70,000 mile high, one third the distance to the moon

The aids disease that attacks large numbers of people has so far claimed 14 million people and affected over 33 million.

### BY THE BYE

Be always cheerful and smile away your worries. Follow the correct principles living. Be temperate in eating, drinking and sleeping and in all other things. Cultivate a very strong faith in God. Silence the surging emotions and bubbling thoughts. Do not get carried away by the temptation of the world. Be careful. be wise. put your heart, mind and intellect even in your smallest act. Be firm in your resolutions and strong in your determination.

